પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૪ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પડકારોને પડકાર ફેંકવા નીકળ્યા છીએ : મોદી

**વાજપેયી મેડિકલ યુનિવર્સિટીની આધારશિલા મુકતા સંબોધન : રામ મંદિર, કલમ ૩૭૦, સીએએ સહિતના તમામ જટિલ મુદ્દાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો : તોફાની તત્વોને અધિકારો સાથે કર્તવ્યોની પણ અપાવેલી યાદ**




લખનૌ, તા. ૨૫

નાગરિક સુધારા કાનુન પર ભારે વિરોધ પ્રદર્શન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સરકાર આગામી દિવસોમાં પણ વધુ કઠોર પગલા લેવાનો સિલસિલો જારી રાખશે. તેમણે કહ્યું હતું કે, નાગરિક સુધારા બિલ, અયોધ્યા, કલમ ૩૭૦ જેવા ખુબ જ કઠોર નિર્ણયો કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યુ હતું કે, પડકારોને પડકાર ફેંકવા માટે નિકળી ચુક્યા છે. હિંસા ફેલાવવાનાર લોકોને મોદીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી. લખનૌમાં અટલ બિહારી વાજપેયી મેડિકલ યુનિવર્સિટીની આધારશિલા મુકતા તેમણે કહ્યું હતું કે, અમે વિચાસતમાં મળેલી સમસ્યાઓને પડકાર ફેંકી રહ્યા છે. સરકારનું વલણ સ્પષ્ટ કરતા કહ્યુ હતું કે, અમે પડકારોને પડકાર ફેંકવાના સ્વભાવ સાથે આગળ વધી રહ્યા છે. સીએએના વિરોધના નામ ઉપર હિંસા અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડનાર લોકોને મોદીએ સલાહની સાથે સાથે અધિકારોની પણ યાદ અપાવી હતી. મોદીએ કહ્યુ હતું કે, જે રીતે લોકોએ વિરોધ પ્રદર્શનના નામ ઉપર હિંસા ફેલાવી છે. સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડ્યુ છે. તે પોતાના ઘરમાં બેસીને પોતાને આ રસ્તો યોગ્ય હતો કે કેમ તેવા પ્રશ્નો કરી શકે છે. તેમની પ્રવૃતિ યોગ્ય હતી કે કેમ તેવો પ્રશ્ન પોતાને કરવાની યાદ અપાવી હતી. સંબોધનની શરૂઆતમાં મોદીએ કહ્યું હતું કે, લખનૌના સાંસદે તેમનું સ્વાગત કર્યુ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, આ પ્રદર્શમાં જે લોકોના મોત થયા છે,


● અનુસંધાન પાન-૭ પર


## અટલ બિહારી વાજપેયીની ભવ્ય પ્રતિમાનુ અનાવરણ

**મોદી દ્વારા ૨૫ ફુટ ઉંચી પ્રતિમાનુ અનાવરણ : વાજપેયીની પ્રતિમાનુ વજન પાંચ ટન રખાયુ છે**



નવી દિલ્હી, તા. ૨૫

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારના દિવસે લખનૌના લોકભવનમાં તેમની પ્રતિમાનુ અનાવરણ કર્યુ હતુ. આ ગાળા દરમિયાન રાજ્યપાલ આનંદીબેન પટેલ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન વાજપેયીની આ પ્રતિમા ૨૫ ફુટ ઉંચી છે. આ પ્રતિમા અહીં લોકભવનમાં સ્થાપિત કરવામાં આવી છે. તેને રાજસ્થાનથી લખનૌ લાવવામાં આવી છે. વાજપેયીની પ્રતિમાનુ વજન પાંચ ટનની આસપાસ છે. આ સંબંધમાં ૧૧મી નવેમ્બરના દિવસે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં બેઠક યોજાઇ હતી. જેમાં પ્રતિમા સ્થાપિત કરવાના પ્રસ્તાવ પર સહમતિ થઇ હતી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જયંતિના અવસર પર આ સહમતિ થઇ હતી. પૂર્વ વડાપ્રધાનની જયંતિ પર પ્રદેશ સરકાર દ્વારા ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# જીએસટીના બે સ્લેબ મામલે સક્રિય વિચારણા

**ઇનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરમાં રહેલી ઘણી ખામીઓ દુર કરવાના પાસા પર પણ વિચારણા કરાશે : જીએસટી રેવેન્યુમાં વધારો કરવા માટે શ્રેણીબદ્ધ ભલામણો**

નવી દિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના પાંચ સ્લેબને ઘટાડીને બે સ્લેબ કરવાની ભલામણ પર વિચારણા કરી શકે છે. આ સંદર્ભમાં ભલામણ મળ્યા બાદ આ દિશામાં વિચારણા ચાલી રહી છે. સાથે સાથે તે ઈનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર સાથે જોડાયેલી ખામીઓને દુર કરવા ઉપર પણ કામ કરી શકે છે. આ સિસ્ટમને વધુ સરળ બનાવવાના પાસા ઉપર ચર્ચા ચાલી રહી છે. વસુલાતમાં થઈ રહેલા ઘટાડાને પહોંચી વળવા માટે પહેલ કરવામાં આવી રહી છે.

મામલા સાથે વાકેફ રહેલા લોકોએ વિગત આપતા કહ્યું છે કે, કેન્દ્ર અને રાજયોના અધિકારીઓની એક કમિટીએ જીએસટી રેવેન્યુ વધારાના સંદર્ભમાં આ પ્રકારના સુચના કર્યા છે. રજુઆત મુજબ વર્તમાન નાણાંકીય વર્ષમાં ગાળા દરમિયાન જીએસટી વસુલાતમાં ૬૩૨૦૦ કરોડ રૂપિયા સુધીનો ઘટાડો રહી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ સુધી તેમા ૨ લાખ કરોડ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. આવી સ્થિતિમાં કમિટીએ ૧૦ ટકા અને ૨૦ ટકાના બે સ્લેબ્સ રાખવા માટેની ભલામણ કરી છે. આ ઉપરાંત પેનલે કહ્યું છે કે, કેટલીક વસ્તુઓને ૧૮ ટકાના સ્લેબમાંથી ૨૮ ટકાના સ્લેબમાં પરત મુકવામાં આવી શકે છે. કમિટીએ બેંગલોરમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી સમક્ષ રજુઆતમાં આ મુજબની વાત કરી હતી.

જીએસટી કાઉન્સિલની હાલમાં બેઠક મળી હતી જેમાં સુશીલ મોદી સમક્ષ રેવેન્યુ વધારવાના વિકલ્પ ઉપર વિચારણા કરવા કહેવામાં આવ્યું હતું. બિહારના નાણામંત્રી અને ઈન્ટીગ્રેટેડ ગુડ્સ અને સર્વિસ ટેક્સ પર મંત્રીઓના ગ્રુપના અધ્યક્ષ મોદીએ રેટ સ્ટ્રક્ચરમાં ફેરફારની શક્યતાને ફગાવી દીધી હતી. મોદીએ કહ્યું હતું કે, કોઈ રાજ્ય અથવા તો કેન્દ્ર સરકાર ટેક્સ રેટમાં ફેરફાર કરવા માટે તૈયાર નથી.

કમિટીએ ૨૩ વસ્તુઓનો ઉલ્લેખ કરીને ઈનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરમાં ખામીઓને દુર કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ ખામીઓના કારણે કાચા માલ પર તૈયાર પ્રોડક્ટની સરખામણીમાં વધારે ટેક્સ લાગે છે. મોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, મૈનમેડ યાર્ન, રેડીમેડ ગારમેંટ્સ, ફર્ટિલાઈજર્સ, ફૈબ્રિક્સ ૫-૧૨ ટકાના સ્લેબમાં આવે છે. તેમના મામલામાં ડ્યુટી સ્ટ્રક્ચર ઈનવર્ટેડ છે.

## ન્યુઝ ટ્રેક

### જોન્સન એન્ડ જોન્સનને ૨૩૦ કરોડનો દંડ

બાળકો માટે વિવિધ ઉત્પાદનો બનાવતી કંપની જોન્સન એન્ડ જોન્સન પર ૨૩૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કંપનીએ જીએસટી કાપનો લાભ ગ્રાહકોને આપ્યો નથી. નેશનલ એન્ટી પ્રોફિટીયરીંગ ઓથોરીટીએ આ નિર્ણય જાહેર કર્યો છે.

### પોલીયો નાબુદી માટે પાકિસ્તાન ભારતનો સહારો લેશે

પોલીયો નાબુદી માટે પ્રયાસમાં જોડાયેલી પાકિસ્તાનની ઈમરાન સરકારે ભારતની સહાય માંગી છે. ભારત પાસેથી પાકિસ્તાન પોલિયો માર્કર ખરીદશે. ડબલ્યુ એચ ઓ એ માત્ર ભારત અને ચીનને પોલીયો માર્કરના ઉત્પાદન માટે અધિકૃત કર્યા છે. જો કે ચીનની ક્વોલીટી ખરાબ હોવાથી હવે ભારતથી પોલીયો માર્કર મંગાવાશે.

### યમુના એક્સપ્રેસ વે કૌભાંડની તપાસ સીબીઆઈ કરશે

દિલ્હી-એનસીઆરના બહુચર્ચીત યમુના એક્સપ્રેસ કૌભાંડની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે સીબીઆઈએ આ મામલે એફઆઈઆર દાખલ કરી છે. જેમાં એજન્સીના પૂર્વ સીઈઓએ પી.સી. ગુપ્તા અને અન્ય ૨૦ને આરોપી દર્શાવાયા છે.




ભાવાંજલિ - દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને સંવેદનશીલ કવિ અટલ બિહારી બાજપાઈની ૯૫મી જન્મજયંતિએ ભાવપૂર્વક અંજલિ અપાઈ હતી... અટલજીની સમાધી પર પુષ્પાંજલિ આપનારાઓમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સહિત મંત્રીમંડળના સાથીઓ અને ભાજપના વરિષ્ઠોનો સમાવેશ થાય છે....

# જમ્મુ કાશ્મીરમાંથી કેન્દ્રિય દળોની વાપસી શરૂ થઇ છે

**આ વખતે સાત હજાર દળોની વાપસી કરાઇ : જમ્મુ કાશ્મીરમાંથી પરત બોલાવી લેવામાં આવેલા તમામ સુરક્ષા જવાનોને તેમની અગાઉની જગ્યાએ ગોઠવી દેવાશે**

નવી દિલ્હી,તા. ૨૫

કલમ ૩૭૦ની નાબુદી બાદ જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં તૈનાત કરવામાં આવેલા કેન્દ્રિય દળોના જવાનોને હવે પરત બોલાવી લેવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. બીજી વખતમં કેન્દ્રિય દળોની ૭૨ કંપનીઓને તરત જ પરત બોલાવી લેવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયની ઉચ્ચસ્તરીય બેઠકમાં ગઇકાલે આ નિર્ણય કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. નિર્ણયમાં કહેવામાં આવ્યુ છે કે આ અર્ધલશ્કરી દળોના જવાનોને એજ વિસ્તારમાં ફરી તૈનાત કરવામાં આવનાર છે જ્યાંથી તેમને દુર કરી દેવામાં આવ્યા હતા. તમામ લોકો સારી રીતે જાણે છે કે ત્યાંથી ૨૦ કંપનીઓને પરત બોલાવી લેવામાં આવી હતી. પાંચમી ઓગષ્ટના દિવસે કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં શાંતિ અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે જમ્મુ કાશ્મીરમાં વધારાના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. કેટલાક પ્રકારના નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા હતા. ત્રણ પૂર્વ મુખ્યપ્રધાનો સહિત મોટી સંખ્યામાં લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી પર વધુ વિશ્વાસના કારણે ભાજપને નુકસાન થયુ

**ઉત્તરપ્રદેશ, આસામ, ઉત્તરાખંડમાં મુખ્યમંત્રીની વિરુદ્ધ ફરિયાદ ઉઠી : હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડમાં નુકસાન**

નવી દિલ્હી,તા. ૨૫

હરિયાણા, મહારાષ્ટ્ર, અને ઝારખંડમાં મોટો ફટકો પડ્યા બાદ હવે ભારતીય જનતા પાર્ટીના ટોપ નેતાઓ નવેસરથી મંથન કરી રહ્યા છે. નિષ્ણાંતો માની રહ્યા છે કે મુખ્યપ્રધાનો પર વધારે વિશ્વાસના કારણે પાર્ટીને નુકસાન થઈ રહ્યુ છે. હવે ભારતીય જનતા પાર્ટીમાં મંથનની પ્રક્રિયા જારી છે. પાર્ટીના કેટલાક નેતાઓએ તો કહ્યુ છે કે મુખ્યપ્રધાનોની કામગીરી પર નજર રાખવાની જરૂર છે. સતત રાજ્યોમાં હાર થયા બાદ માંગ ઉઠવા લાગી ગઈ છે કે મુખ્યપ્રધાનો પર જરૂર કરતા વધારે વિશ્વાસ રાખવાની જરૂર નથી. પાર્ટીના કેટલાક નેતાઓનો ઈશારો યુપી, ઉત્તરાખંડ, આસામ જેવા રાજ્યોમાં ભાજપ શાસિત મુખ્યપ્રધાનો તરફ છે. વર્ષ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાય તે પહેલા હવે આ ભાજપ શાસિત રાજ્યોમા પણ વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. આ રાજ્યોના મુખ્યપ્રધાનો પર નજર રાખવામાં આવે તે જરૂરી છે. તેમની કામગીરી પર નજર રાખવાની જરૂર છે.


● અનુસંધાન પાન-૭ પર


## રામપુરમાં સંપત્તિને નુકસાન કરનાર ૨૮ તોફાની તત્વોને નોટિસ

રામપુર, તા. ૨૫

નાગરિક સુધારા કાનુનને લઈને હાલમાં ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં વ્યાપક હિંસા થઈ ચુકી છે. જેના પરિણામ સ્વરૂપે લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી ચુક્યા છે. ગયા સપ્તાહમાં નાગરિક કાનુનને લઈને વિરોધ પ્રદર્શનમાં વ્યાપક હિંસા થઈ હતી. ઉત્તરપ્રદેશ સરકારે હવે તોફાની તત્વોને ઓળખી કાઢીને કાર્યવાહી કરવાની શરૂઆત કરી દીધી છે. આના ભાગરૂપે રામપુર વહીવટી તંત્રએ ઓળખી કાઢેલા ૨૮ લોકોને નોટિસ ફટકારી દીધી છે.

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી,તા. ૨૫

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે. કાશ્મીરમાં હાલ ૪૦ દિવસમાં ચિલ્લાઈ કાલનનો ગાળો ચાલી રહ્યો છે. આ ગાળા દરમિયન હિમવર્ષાની સંભાવના સૌથી વધારે રહે છે. આજે શ્રીનગરમાં માઈનસ ૪.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. લેહમાં માઈનસ ૧૪.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225



બેસણું





સ્વ. કીર્તિભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા

સ્વ. ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, મારા નાના ભાઈ તથા મારા પુત્ર તા.૨૧-૧૨-૨૦૧૯ના રોજ નિકુંજવાસ પામેલ છે. પરમાત્માને ગમ્યું તે ખરું. સદ્‌ગતનું બેસણું નીચે જણાવેલ તારીખે રાખેલ છે.

તારીખ : ૨૬-૧૨-૨૦૧૯, ગુરૂવાર, સમય : બપોરે ૩ થી ૫ કલાકે
સ્થળ : શ્રી ઉમિયા માતા સંસ્થાન હોલ, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

લી.

રીતેશભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા
બ્રીજેશભાઈ કીર્તિભાઈ સુખડીયા
કૃણાલભાઈ અશોકભાઈ સુખડીયા
પાર્થભાઈ સતીષભાઈ સુખડીયા
ધ્રુવીલભાઈ પ્રકાશભાઈ સુખડીયા

ચંદ્રકાન્તભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા
અશોકભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા
સતીષભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા
પ્રકાશભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા

ફર્મ :

वृन्दावन Vraj ni Madhurta
સેક્ટર-૨૧ (ડીસ્ટ્રીક શોપીંગ)
સેક્ટર-૭ (મેઈન શોપીંગ)
કુડાસણ (ઉગતી કોર્પો. પાર્ક)

સેક્ટર-૨૨ (મેઈન શોપીંગ)
સેક્ટર-૨૨ (ઘ-૫)
સેક્ટર-૩ (શોપીંગ)
જય અંબે સ્વીટ માર્ટ

શ્રી વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડીયા પરિવાર

નોંધ : સુખડીયા સમાજનું બેસણું તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવારે બપોરે ૩ થી ૫ કલાકે, કેશવમ્ પાર્ટી પ્લોટ, મહુડી રોડ ખાતે રાખેલ છે.